*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***
Sl.No. 101048

| Set No. of Question Paper: |
|---|
| 1 |

# 10(G)

**(JULY, 2014)**

**Part - A : Time : 1 Hour / Marks : 50**
**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

<u>સૂચનાઓ :</u>

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં હેતુલક્ષી પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ● ઘટ્ટ કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકના ઉપરની જમણી બાજુંમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) ઈતિહાસને ઓળખવા જુદા જુદા સમયના પુરાતન અવશેષોનો ઉપયોગ થાય છે. નીચે જણાવેલા કયા અવશેષ /અવશેષો પરથી એમ કહી શકાય કે ભારતમાં શિલ્પો કંડારવાની કળા 5000 વર્ષો જેટલી પ્રાચીન છે.
   (A) ઊંધા કમળની આકૃતિ ઉપર વૃષભનું શિલ્પ.
   (B) ધર્મચક્ર પ્રર્વનવાળી બુધ્ધની પ્રતિમા.
   (C) ઈલોરાની ગુફાઓ.
   (D) દાઢીવાળા પુરૂષનું શિલ્પ, નર્તકીની મૂર્તિ, દેવ દેવીઓની આકૃતિઓ, રમકડાં

2) નીચે જણાવેલ વિકલ્પોનો અભ્યાસ કરી કયો વિકલ્પ આપણો સમૃધ્ધ વારસો (પ્રાકૃતિક તેમજ સાંસ્કૃતિક) સાથે સુસંગત જણાતો નથી તે દર્શાવો.
   (A) પીપળો, વડ, તુલસી
   (B) ભાખરાનંગલ, કોંકણ રેલ્વે, નરોરા વિદ્યુતમથક
   (C) ઈલોરા, મહાબલિપુરમ, એલિફન્ટાની ગુફાઓ
   (D) પટોળા, બાંધણી, કાંજીવરમની સાડી

3) સિદ્ધરાજ જયસિંહના શાસનકાળ દરમિયાન ઉત્તર ગુજરાતમાં અનેક સાંળવી કારીગરો આવીને વસ્યા હતા. તેઓએ ખૂબ જ જટિલ અને સમય માગી લે તેવી વણાટકળા વિકસાવી હતી. આ વણાટકળાનું નામ શું ?

(A) બાંધણી (B) ચાકળા

(C) મલમલ (D) પટોળાં

4) પ્રાચીનકાળથી અતિ લોકપ્રિય એવી એક કળા વિશે વર્ણવતા ભરતમુનિએ કહ્યું હતું કે, ''એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી કે જે આ કળામાં ન હોય'' કઈ લલિત કળાની આ વાત છે ?

(A) કથકનૃત્ય (B) નાટ્યકલા

(C) સંગીતકલા (D) નૃત્યકલા

5) ભારતના શિલ્પ અને સ્થાપત્યોમાં વિદેશીઓની ભારતીય કલા ઉપર ઘેરી અસર પડી છે. ભારતીય કલા ઉપર ગ્રીક શાસકોની અસર પડવાથી કઈ શૈલી સર્જાઈ અને પ્રસિદ્ધ બની ?

(A) ગાંધાર શૈલી (B) મુગલ શૈલી

(C) મથુરા શૈલી (D) દ્રવિડ શૈલી

6) પલ્લવ રાજાઓ દ્વારા બનાવવામાં આવેલ રથમંદિરોની સૌથી મહત્ત્વની લાક્ષણિકતા કઈ છે ?

(A) તે આરસપહાણમાંથી બનાવેલા છે.

(B) તેની સુક્ષ્મ કોતરણી વિશ્વ વિખ્યાત છે.

(C) ઈશ્વરના ત્રણે સ્વરૂપોનું તેમાં નિરૂપણ કરવામાં આવેલ છે.

(D) તે એક જ ખડકને કાપીને બનાવવામાં આવેલ છે.

7) દિલ્હી સલ્તનત કાળના એક વિદ્વાન કવિ, ઈતિહાસકાર રહસ્યવાદી સંત અને સંગીતકાર એવી એક વ્યક્તિએ ઘણા કાવ્યગ્રંથોની પણ રચના કરી છે. તેમને પોતાના ભારતીય હોવા પર ગર્વ હતો. ભારતને તેઓ પૃથ્વી પરનું સ્વર્ગ ગણાવતા. આ વિદ્વાન કોણ હતા ?

(A) નિઝામુદ્દીન ઓલિયા (B) અમીર ખુશરો

(C) મીરઝા ગાલીબ (D) ગુલબદન

**8)** જગ્યાની પસંદગી, વિવિધ આકારો, રચના, આકાર કદ જગ્યાની અંદરની ગોઠવણી, દેવમંદિર, બ્રહ્મસ્થાન, ભોજનકક્ષ વગેરે માટેના સ્થાનો....... આ બાબતો અંગેનું જ્ઞાન ભારતના કયા પ્રાચીન શાસ્ત્રમાંથી મળી રહે છે.

(A) જ્યોતિષ શાસ્ત્ર (B) ખગોળ શાસ્ત્ર

(C) ગતિણ શાસ્ત્ર (D) વાસ્તુ શાસ્ત્ર

**9)** ભારતના વિજ્ઞાન-ટેક્નોલોજી વારસા સંબંધે નીચેના જોડકાં યોગ્ય ક્રમમાં ગોઠવી વિકલ્પ પસંદ કરો.

| <u>અ</u> | <u>બ</u> |
|---|---|
| (a) નાગાર્જુન | (1) શૈલ્ય ચિકિત્સાના સાધનોનો ઉલ્લેખ |
| (b) આર્યભટ્ટ | (2) 2000 ઉપરાંત વનસ્પતિ ઔષધોનો ઉલ્લેખ પોતાના ગ્રંથમાં કરેલ છે. |
| (c) સુશ્રુત | (3) વનસ્પતિ ઔષધોની સાથે રસાયણો વાપરવાની પ્રથા શરૂ કરી. |
| (d) મહર્ષિ ચરક | (4) પૃથ્વી પોતાની ધરી પર ફરે છે. તેમ સાબિત કર્યુ. |

(A) a - 3, b - 4, c - 1, d - 2 (B) a - 3, b - 1, c - 4, d - 2

(C) a - 2, b - 3, c - 1, d - 4 (D) a - 1, b - 4, c - 2, d - 3

**10)** ભારતની કઈ પ્રાચીન વિદ્યાપીઠમાં રસાયણ વિદ્યાના અભ્યાસ અને સંશોધન માટે પોતાની અલગ રસાયણ શાળા અને ભઠ્ઠીઓ આવેલ હતા ?

(A) નાલંદા વિદ્યાપીઠ (B) તક્ષશિલા વિદ્યાપીઠ

(C) વલભી વિદ્યાપીઠ (D) વિક્રમશીલ વિદ્યાપીઠ

**11)** નીચેનું વર્ણન ધ્યાનથી વાંચો ?

→ માનસિક શાંતિની શોધમાં નીકળેલ બૌધ્ધ સાધુઓએ ગુફામાં આશ્રય મેળવી કલા સર્જન કર્યુ હતું.

→ શરૂઆતમાં આ ગુફાઓ 30 હતી.

→ ગુફા ક્રમાંક 9, 10, 19, 26 અને 29 ચૈત્ય છે. જ્યારે બાકીની ગુફાઓ વિહાર છે.

<u>ઉપરોક્ત વર્ણન કયા સ્મારકોનું છે.</u>

(A) એલિફન્ટાની ગુફાઓ (B) ઈલોરાની ગુફાઓ

(C) મહાબલીપુરમ્ (D) અજંતાની ગુફાઓ

12) નીચેના એક પ્રસિદ્ધ કિલ્લાનું વર્ણન કરેલ છે. કયા કિલ્લાની વાત છે ?
→ તે મુગલ શૈલીમાં બનેલ છે.
→ તેમાં રક્ષણની અદ્યતન પધ્ધતિઓનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે.
→ તેના બાંધકામમાં આરસ અને લાલ પથ્થરોનો ઉપયોગ થયો છે.

(A) ફતેહપુર સીક્રીનો કિલ્લો (B) લાલ કિલ્લો
(C) ચાંપાનેરનો કિલ્લો (D) ગોલકોંડાનો કિલ્લો

13) ચોસઠ યોગિનીનું મંદિર કયા વંશના રાજવીઓએ બંધાવેલ છે ?

(A) ચાલુક્યવંશ (B) મૌર્યવંશ
(C) પલ્લવવંશ (D) ચંદેલવંશ

14) આપણા દેશના કયા સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતા સ્મારકને ઝડપથી વધી અને વિસ્તરી રહેલા ઉદ્યોગોના ધુમાડા (વાયુ પ્રદૂષણ) ને કારણે નુકશાન થઈ રહેલ હોવાનું ધ્યાને આવેલ હતું ?

(A) લાલ કિલ્લો - દિલ્હી (B) ચાંપાનેર - પાવાગઢ
(C) સૂર્યમંદિર - મોઢેરા (D) તાજમહલ - આગ્રા

15) ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા રાજ્યમાં વધુ પ્રવાસીઓને આકર્ષી શકાય તે માટે એક ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમાં મળેલ ચાર ચિત્રોમાંથી એક ચિત્ર સમિતિએ ના પસંદ કર્યું. આ ચિત્ર કયું હોઈ શકે ?

(A) નખીતળાવ - આબુ (B) ગીરના સિંહ
(C) સાપુતારાનો રોપ-વે (D) ધોળાવિરાના અવશેષો

16) આપણા દેશમાં ખૂબ મોટી સંખ્યામાં મૂલ્યવાન વારસો દર્શાવતાં સ્મારકો, પુરાવશેષો તેમજ અભ્યારણો આવેલા છે. વૈશ્વિક વારસાના સંદર્ભમાં નીચે જણાવેલ ગુજરાત રાજ્યના ચાર સ્થળો પૈકી એક સ્થળ બંધબેસતું નથી. તે ઓળખી બતાવો.

(A) ગિરઅભ્યારણ - જૂનાગઢ
(B) અડાલજની વાવ - અમદાવાદ
(C) સૂર્યમંદિર - મોઢેરા
(D) ચાંપાનેર - પાવાગઢ

**17)** રાજસ્થાન રાજ્યમાં આવેલ પવિત્ર ઉપવનોમાં નીચેનું એક ઉપવન આવેલ નથી ?

(A) કીંકડી

(B) ઓરન

(C) સરના અને જહેડા

(D) શામલાત દેહ

**18)** ભારત સરકારે ''રાષ્ટ્રીય સ્મારકો'' ની જાળવણીનું કામ કોને સોપ્યું છે ?

(A) પ્રવાસન અને પર્યટન ખાતું

(B) પર્યાવરણ ખાતાને

(C) પુરાતત્ત્વ ખાતાને

(D) શિક્ષણ ખાતાને

**19)** ખદર જમીન કોને કહેવાય ?

(A) નદીઓના નિક્ષેપથી તૈયાર થતી નવા કાંપની જમીન

(B) રૂપાંતરિત ખડકો દ્વારા તૈયાર થતી કસદાર અને ચીકણી જમીન

(C) લોહતત્ત્વ અને સેન્દ્રિય તત્ત્વોને લીધે લાલ રંગની દેખાય તેવી જમીન

(D) પર્વતીય પ્રદેશોમાં જોવા મળતી ઓછી કસવાળી અને અપરિપક્વ જમીન

**20)** વન્યજીવ સંરક્ષણ અંગેના ઉપાયો વિષે ચર્ચા કરતાં પરમાર સરે નીચે જણાવ્યા મુજબના ચાર મહત્ત્વના ઉપાયો દર્શાવ્યા જેમાંથી એક ઉપાય કંઈક અંશે યોગ્ય નથી. તે ઓળખી બતાવો.

(A) વન્યજીવો પર થતાં અત્યાચારો રોકવા અને શિકાર પ્રવૃતિ અટકાવવા કડક કાયદા બનાવવા.

(B) જંગલોનો વિનાશ થતો અટકાવી વન્યજીવોને નિરાશ્રિત થતાં બચાવવા જોઈએ.

(C) વન વિસ્તારો, અભ્યારણો વગેરેમાં પ્રવાસન પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું જોઈએ.

(D) વન્યજીવ સંરક્ષણ સંદર્ભે જાગૃતિ કેળવવા પ્રસાર માધ્યમો જેવા કે ટી.વી., રેડિયો, વર્તમાન પત્રોનો આશરો લેવો જોઈએ.

21) વન્યપ્રાણી અભ્યારણ બાબતે કઈ હકીકત સાચી છે ?

(A) અભ્યારણોમાં માનવીના હરવા ફરવા પર પ્રતિબંધ હોય છે.

(B) અભ્યારણોમાં કોઈપણ વ્યક્તિ પશુઓને ચરણ કરાવી શકતી નથી.

(C) અભ્યારણોમાં લોકો નિયંત્રિત માત્રામાં રહી શકે છે.

(D) ગુજરાતમાં એકપણ અભ્યારણ નથી.

22) આઝાદી પછી કૃષિમાં આવેલ સંખ્યાબંધ ટેકનિકલ તથા સંસ્થાનગત સુધારાને કારણે હરિયાળી ક્રાંતિ આવી છે. નીચે આપેલ વિકલ્પોમાં એવો કયો પાક છે જેની એક જમાનામાં ભારતે મોટા પાયે આયાત કરવી પડતી હતી જ્યારે હવે તેની નિકાસ થઈ શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

(A) ઘઉં (B) મકાઈ

(C) કપાસ (D) મગફળી

23) હરિયાળી ક્રાંતિનો શો અર્થ થાય છે ?

(A) પશુ પાલનનો વિકાસ કરી દૂધ ઉત્પાદન વધારવું.

(B) વધુ વૃક્ષો વાવી વનવિસ્તારમાં વધારો કરવો.

(C) ઔષધિ તરીકે ઉપયોગમાં લેવાય તેવી વનસ્પતિની ખેતી કરવી.

(D) સંસ્થાગત સુધારા, સંકરણ બિયારણ, સિંચાઈ સુવિધા વગેરેના પરિણામે કૃષિ ઉત્પાદનોમાં વધારો થવો.

24) સરસવનો પાક ભારતના કયા રાજ્યમાં સૌથી વધુ થાય છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) ગુજરાત

(C) રાજસ્થાન (D) અસમ

25) વૃષ્ટિ-જળ સંચયનના ઉદ્દેશોમાં નીચેનો એક ઉદ્દેશ લાગુ પડતો નથી ?

(A) પાણીની વધતી જતી માંગને પૂરી કરવી.

(B) ભૂમિજળની ગુણવત્તામાં ઘટાડો થાય છે.

(C) સપાટી પરથી વહી જતાં પાણીના જથ્થાને (Run off) ઓછો કરવો.

(D) સ્થળમાર્ગોને પાણીના ભરાવાથી બચાવવા.

26) નીચેનામાંથી કઈ પધ્ધતિ દુષ્કાળ સંભવિત ગામમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની એક આદર્શ પધ્ધતિ છે ?

(A) ઉનાળાના મહિનાઓ દરમિયાન ભૂગર્ભ જળ ખેંચવા કૂવા અને જળાશયો ખોદવા

(B) ગામના દરેક ઘરમાં પાણીના સંગ્રહ માટે ખાનગી બોરવેલ ખોદવા.

(C) ગામની છીછરી નદી કે પ્રવાહો પર આડબંધ (ચેક ડેમ) નાના અવરોધો બાંધવા.

(D) નજીકની નદી કે જળ સ્ત્રોતોમાંથી પીવીસી પાઈપ પાથરી પાણી ગામ સુધી લાવવું.

27) નીચેની બહુહેતુક યોજનાઓને તેમના રાજ્યમાં આવેલ છે. તેની સાથે જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | |
|---|---|
| (a) કોસી | (1) આંધ્રપ્રદેશ |
| (b) ચંબલ | (2) ઝારખંડ |
| (c) કૃષ્ણા | (3) મધ્યપ્રદેશ |
| (d) દામોદર | (4) બિહાર |

(A) a-1, b-2, c-3, d-4

(B) a-1, b-4, c-1, d-3

(C) a-4, b-2, c-1, d-3

(D) a-4, b-3, c-1, d-2

28) ભવિષ્યમાં ભૂતાપીય ઉષ્મા શક્તિનો ઉપયોગ કરી શકાય તે શારૂ મોજણી કરવા ભારત સરકારે કેટલાક અધિકારીઓને ગુજરાતની મુલાકાત લેવા માગે છે.
નીચે જણાવેલ ચાર સ્થળો પૈકી ત્રણ સ્થળોએ જવા જેટલો જ તેમની પાસે સમય છે. તો કયા સ્થળની મુલાકાત તેઓ ટાળવી જોઈએ ?

(A) ઉનાઈ - વલસાડ

(B) સાપુતારા - ડાંગ

(C) તુલસીશ્યામ - જૂનાગઢ


(D) લસુદ્રા - ખેડા

29) નીચે કેટલાક મહત્ત્વના ખનિજોના વિકલ્પો આપેલા છે. તેમાંથી કયા વિકલ્પમાં ત્રણેય ખનિજો સંચાલન શક્તિ માટે વપરાય છે ?

(A) કોલસો, ખનિજ તેલ, યુરેનિયમ  (B) થોરિયમ, પ્લેટિનમ, સોનું

(C) મેંગેનીઝ, લોખંડ, બોક્સાઈટ  (D) એસ્બેસ્ટોસ, અબરખ, નિકલ

30) અત્રે આપેલ ભારતનો નક્શો શું દર્શાવે છે ?




© Government of India, Copyright 2006

(A) ભારતના અણુ અને તાપ વિદ્યુત મથકો

(B) ભારતના પ્રવાસન સ્થળો

(C) ભારતના વન્ય અભ્યારણો

(D) ભારતના ઔદ્યોગિક કેન્દ્રો

31) ઔદ્યોગિક પ્રદૂષણમાં હવા પ્રદૂષણ એ મહત્ત્વનું ઘટક છે. મુખ્યત્વે કયા વાયુઓનું વધુ પ્રમાણ હવા પ્રદૂષણનું કારણ બને છે ?

(A) કાર્બન મોનોક્સાઈડ અને સલ્ફર ડાયોક્સાઈડ

(B) ઓક્સિજન અને નાઈટ્રોજન

(C) હાઈડ્રોજન અને હિલિયમ

(D) પાણીની બાષ્પ

32) નીચે પૈકી કયો ઉદ્યોગ કૃષિ આધારિત ઉદ્યોગ છે ?

(A) શણના કોથળા બનાવવા

(B) જંતુનાશક દવા બનાવવી

(C) એલ્યુમિનિયમના વાસણો બનાવવા

(D) પોલીએસ્ટર રેસામાંથી કાપડ બનાવવું

33) ભારતમાં પેટ્રોલ, ડીઝલ વગેરે ઈંધણોના ભાવ સરકાર નક્કી કરે છે. તાજેતરમાં સરકારે ડીઝલના ભાવો પર નિયંત્રણ હટાવી ઓઈલ કંપનીઓને ભાવ નક્કી કરવા સ્વતંત્રતા આપી છે. આ પગલું શું સૂચવે છે ?

(A) ઉત્પાદનના સાધનોની ફાળવણીમાં સમાજવાદી પધ્ધતિ સૂચવે છે.

(B) વખતો વખત ડીઝલના ભાવમાં વધારો જ થતો રહે તેવું સૂચવે છે.

(C) વખતો વખત ડીઝલના ભાવમાં ઘટાડો થતો જ રહે તેવું સૂચવે છે.

(D) ઉત્પાદનના સાધનોની ફાળવણીમાં બજાર પધ્ધતિ સૂચવે છે.

34) નીચેનામાંથી કયો ઉદ્યોગ ઉત્પાદન કેન્દ્ર સાથે બંધબેસતો નથી ?


(A) હવાઈ જહાજ - બેંગ્લોર

(B) રેલવે એન્જિન - વારાણસી

(C) જંતુનાશક દવાઓ - વડોદરા

(D) ખાતર ઉદ્યોગ - જયપુર

**35)** ગુજરાતમાં રેલ્વે માર્ગોનો વધુ વિકાસ મહેસાણા, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા અને સુરત જીલ્લામાં થયો છે. રેલ્વેના ઘણા જંક્શનો આપણા રાજ્યમાં છે. અત્રે આપેલ ચિત્ર જોઈ P દર્શાવેલ જંક્શન કયું છે તે ઓળખી કાઢો.




(A) વડોદરા
(B) ગાંધીનગર
(C) અમદાવાદ
(D) સુરત

**36)** નીચે પૈકીના કયા પગલાને કારણે ઔદ્યોગિક બેરોજગારીમાં વધારો થવાની શકયતા છે ?

(A) કાચા માલના ઉત્પાદનમાં વધારો થવો.
(B) સ્થાનિક બજારમાં વસ્તુની માંગ વધવી.
(C) વારંવાર લાંબા સમય સુધી વીજળી કાપ આપવો.
(D) પરદેશમાં ભારતીય ચીજવસ્તુઓની માંગ વધવી.

**37)** સરકાર દ્વારા બેરોજગારી ઘટાડવા માટે જુદા જુદા પગલા લેવામાં આવે છે.
નીચે જણાવેલ વિકલ્પો પૈકી કયું સ્વરોજગારી કાર્યક્રમ પ્રકારનું પગલું કહી શકાય ?

(A) કમ્પ્યૂટર અને મોબાઈલ રીપેરીંગનો ત્રણ માસનો સર્ટિફિકેટ કોર્સ ચલાવવો.
(B) પંચાયત હસ્તકના તળાવને ઊંડું કરવાનું કામ.
(C) ખેત તલાવળી બનાવવાનું કામ.
(D) ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને માસિક 35 કિલો અનાજ રાહત દરે આપવું.

38) ઘર્ષણ જન્ય બેરોજગારી એટલે શું ?

(A) વેતન વધારા જેવી માંગણીઓથી હડતાળ પડવાને કારણે માલિકો અને શ્રમિકોના સંઘર્ષના કારણે શ્રમિકો રોજગારી ગુમાવે.

(B) ભાવ વધારાને કારણે ચીજવસ્તુઓ મોંઘી બનતાં માગ ઘટવાને કારણે ઉત્પાદન ઓછું થઈ જવાથી રોજગારી બંધ થાય તે

(C) વીજળી કાપને કારણે કારખાના બંધ રહેતા શ્રમિકો રોજગારી ગુમાવે તે

(D) નવી ટેક્નોલોજી આવતાં જૂના એકમો બંધ થતાં શ્રમિકો રોજગારી ગુમાવે તે

39) અમદાવાદ શહેરમાંથી ઈલેક્ટ્રીક ઈસ્ત્રી ખરીદનાર ત્રણ વ્યક્તિઓએ તેમાં અનુભવેલ ખામી બદલ નીચેની વિગતે જિલ્લા ગ્રાહક ફોરમમાં અરજી કરી.
રમેશભાઈએ પાકાબીલ અને ગેરંટી કાર્ડ સાથે વકીલની મદદથી અરજી કરી.
અનીલભાઈએ પાકાબીલ અને ગેરંટી કાર્ડ સાથે જાતે જ અરજી કરી.
સુનીલભાઈએ પાકાબીલ અને ગેરંટી કાર્ડ વગર જાતે જ અરજી કરી.
સુનિતાબહેને પાકાબીલ અને ગેરંટી કાર્ડ વગર વકીલ મારફતે અરજી કરી.
જિલ્લા ગ્રાહક ફોરમમાં કેસ જીતવામાં કોણ સફળ થઈ શકશે ?

(A) રમેશભાઈ, અનીલભાઈ, સુનીલભાઈ અને સુનિતાબહેન

(B) માત્ર રમેશભાઈ અને અનીલભાઈ

(C) માત્ર રમેશભાઈ અને સુનિતાબહેન

(D) માત્ર સુનીલભાઈ અને સુનિતાબહેન

40) સરીતા બહેને અથાણા બનાવવાની ફેક્ટરી (ગૃહ ઉદ્યોગ) શરુ કરી. ગુણવત્તા માટે તેઓએ પોતાના ઉત્પાદન પર કયો માર્કો લગાવવો જોઈએ ?

(A) આઈ. એસ. આઈ

(B) એગમાર્ક

(C) ડી. એમ. આઈ.

(D) આઈ. એસ. ઓ.

41) ગુજરાત રાજ્યનો માનવ વિકાસ આંક કાઢવો હોય તો નીચેના વિધાનો પૈકી કયા વિધાનો લક્ષમાં લેવાના રહે છે ?

વિધાન 1 :- ગુજરાત રાજ્યમાં સાક્ષરતાનો દર 69% છે.

વિધાન 2 :- ગુજરાત રાજ્યમાં માધ્યમિક શાળાઓની સંખ્યા 10, 115 છે.

વિધાન 3 :- ગુજરાત રાજ્યની માથાદીઠ આવક 30,000 રૂપિયા છે.

વિધાન 4 :- ગુજરાત રાજ્યના નાગરિકોનું સરેરાશ આયુષ્ય 64 વર્ષ છે.

(A) વિધાન - 1, 3 અને 4 (B) વિધાન - 1, 2 અને 4

(C) વિધાન - 2 (D) વિધાન - 1, 2

42) નીચેના પૈકી કઈ બાબતો પરત્વે કરવામાં આવતો ખર્ચ એ રાષ્ટ્રના માનવ સંસાધનોના વિકાસ માટેનું મૂડીરોકાણ કહેવાય છે ?

(A) શિક્ષણ, તાલીમ અને સંશોધન (B) લઘુ અને ભારે ઉદ્યોગો

(C) પુલો અને રસ્તાઓનું બાંધકામ (D) વીજમથકો

43) નીચે આપેલા ભારતના કેટલાક રાજ્યો, પૈકી એક રાજ્ય આતંકવાદ, બળવાખોરી, નક્સલવાદ, ઘુસણખોરી વગેરે સમસ્યાઓથી પ્રભાવિત નથી તે ઓળખો.

(A) ત્રિપુરા (B) ઓરિસ્સા

(C) અસમ (D) ગુજરાત

44) અનુસૂચિત જાતિ (SCHEDULE CASTE) નક્કી કરવા માટે કઈ બાબતને આધાર ગણવામાં આવે છે ?

(A) ધર્મ (B) અસ્પૃશ્યતા

(C) વાર્ષિક આવક (D) ભાષા

45) કોઈ વ્યક્તિએ ટ્રાફિકને લગતા એક નિયમનો ભંગ કર્યો છે. અધિકારીએ તેને આવી રીતે નિયમના ભંગ કરવા બદલ રોકીને પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે આ નિયમની તેને જાણકારી ન હોવાથી તેના દ્વારા આ કૃત્ય થયેલ છે. અધિકારીએ આ સંજોગોમાં શું કરવું જોઈએ ?

(A) તે વ્યક્તિને માફ કરી દેવો જોઈએ.

(B) તે વ્યક્તિને નિયત થયેલ શિક્ષા (દંડની) કરવી જોઈએ.

(C) તે વ્યક્તિને નિયત થયેલ દંડ કરતા ઓછી રકમની શિક્ષા કરવી જોઈએ.

(D) કાયદાની જાણકારી ન હોવાને કારણે તે વ્યક્તિને નિયત થયેલ દંડ કરતાં વધુ દંડની શિક્ષા કરવી જોઈએ.

46) આપણા દેશના ભાગલા ક્યારે થયા ?

(A) ઈ.સ. 1945 (B) ઈ.સ. 1950

(C) ઈ.સ. 1946 (D) ઈ.સ. 1947

47) ભારતની સામાજિક સંરચના શાના પર આધારિત છે ?

(A) પ્રદેશવાદ

(B) કોમવાદ

(C) જ્ઞાતિવાદ

(D) જૂથવાદ

48) ભારતનું કયું રાજ્ય સૌથી વધારે આતંકવાદનું ભોગ બન્યું છે ?

(A) ગુજરાત

(B) રાજસ્થાન

(C) જમ્મુ કાશ્મીર

(D) પંજાબ

49) ''ઓપરેશન બ્લ્યુ સ્ટાર'' નામની કાર્યવાહી કયા રાજ્યમાં અને શહેરમાં કરવામાં આવી હતી. વિકલ્પ પસંદ કરો ?

(A) પંજાબ - લૂધિયાણા

(B) પંજાબ - અમૃતસર

(C) પંજાબ - કપુરથલા

(D) પંજાબ - ચંદીગઢ

50) બંધારણે આપેલા અધિકાર મુજબ અનુસુચિત જાતિ અને જન જાતિઓની યાદી કોણ જાહેર કરે છે?

(A) ભારતના વડાપ્રધાન

(B) ભારતના રાષ્ટ્રપતિ

(C) ભારતની સંસદ

(D) જે તે રાજ્યના ગર્વનર

# 10(G)

(JULY, 2014)

## (Part - B)

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુંના અંક તેના ગુણ દર્શાવે છે.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.
6) પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.
7) પ્રશ્ન-18 નકશાપૂર્તિનો છે. તેમાં ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.

### વિભાગ - A

■ નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 1 થી 5 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.

1) ભારતની સંસ્કૃતિના વિશિષ્ટ લક્ષણો કયા કયા છે ? [2]

2) વિજ્ઞાન અને ટેક્નોલોજીનું મહત્ત્વ દર્શાવો. [2]

અથવા

પ્રાચીન ભારતની રસાયણ વિદ્યાની સિદ્ધિઓના ત્રણ ઉદાહરણ આપો.

3) યુનેસ્કો એ ચાંપાનેર શહેર ને શા માટે વૈશ્વિક વારસા તરીકે જાહેર કર્યુ છે ? [2]

4) નવીનીકરણ અને અનવીનીકરણીય સંશાધનો સમજાવો. [2]

5) ભારતમાં શણનું સૌથી વધુ ઉત્પાદન પશ્ચિમ બંગાળામાં શા માટે થાય છે ? કારણ સમજાવો. [2]

## વિભાગ -B

■ **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 6 થી 10 ના ગુણ સરખા છે. દરેકના 2 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

6) જળપ્લાવિત ક્ષેત્ર શું છે ? [2]

અથવા

જળ સંશાધન એટલે શું ? સંકલ્પના સમજાવો.

7) લોખંડના પ્રકારો કયા કયા છે ? તેના નામ આપો. [2]

8) ભારતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગની સામે કઈ કઈ સમસ્યા છે ? [2]

9) ભારત સરકારે ગરીબી રેખાથી નીચે જીવતા લોકો માટે ન્યુનતમ આવકનું કયું ધોરણ નક્કી કર્યુ છે ? [2]

10) સાપેક્ષ ગરીબી એટલે શું ? અથવા તુલનાત્મક ગરીબી એટલે શું ? [2]

## વિભાગ - C

■ **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 11 થી 15 ના ગુણ સરખા છે. દરેકના 3 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

11) ''નાટ્યકલા'' સમાજ જીવન ને પ્રતિબિંબિત કરે છે. સમજાવો. [3]

12) કોણાર્ક ના સુર્યમંદિર વિશે માહિતી આપો. [3]

13) નીચેના શબ્દોની સંકલ્પના આપો અથવા વ્યાખ્યા આપો. [3]

1 - આરક્ષિત જંગલો

2 - સંરક્ષિત જંગલો

3 - બીનવર્ગીકૃત જંગલો

14) આર્થિક વિકાસ એટલે શું ? ઉદાહરણ આપી સમજાવો. [3]

15) ભારતના બંધારણે નાગરિકોને કયા કયા અધિકારો આપ્યા છે ? વિગતે જણાવો. [3]

અથવા

બાળકોને મળતાં ચાર અધિકારો વિગતે જણાવો.

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 16 થી 18 ના ગુણ સરખા છે. દરેકના 5 ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો.**

16) મહાકાવ્ય તરીકે રામાયણ અને મહાભારતનો પરિચય આપો. [5]

17) ભાવવૃધ્ધિ ને અંકુશિત કરવાના પગલા નિર્દેશો (જણાવો) [5]

અથવા

ગ્રાહક સુરક્ષા અધિનિયમ મુજબ 'ગ્રાહકના અધિકારોનું' વર્ણન કરો.

18) તમને આપેલા ભારતના નકશામાં યોગ્ય સંજ્ઞા વડે સ્થાન દર્શાવો. [5]

1) સૌથી વધારે ઘઉં પકવતો પ્રદેશ
2) શેરડી પકવતો એક પ્રદેશ
3) તાંબુ મળતુ હોય એવા એક પ્રદેશનું નામ આપો.
4) ગરમ કાપડ ઉદ્યોગનું એક શહેર.
5) દિલ્હી થી મુંબઈ જતો સુવર્ણચતુર્ભુજ માર્ગ એક અટક સ્થાનનું નામ આપીને દર્શાવો.

**ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે :**

**નકશાપૂર્તિને બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1) ભારતમાં સૌથી વધારે ઘઉં કયો પ્રદેશ ઉત્પન્ન કરે છે ?
2) ભારતમાં શેરડીનું વાવેતર સૌથી વધારે કયા પ્રદેશમાં થાય છે ?
3) તાંબુ મળતું હોય તેવા એક પ્રદેશનું નામ આપો.
4) ગરમ કાપડ ક્યાં વિકાસ પામ્યો છે ?
5) દિલ્હીથી મુંબઈ જતો સુવર્ણચતુર્ભુજ માર્ગનું એક અટક સ્થાનનું નામ આપો .

☆☆☆